ગૌણ સેવા પસંદગીની પાસેથી ૩૭,૦૦૦ જગ્યા લઈ લેવાઈ

માનીતાઓની ભરતી કરવા માટે નવતર કિમિયો : લાખો શિક્ષિત યુવાન-યુવતીઓ સાથે મોટો અન્યાય થશે : કોંગ્રેસ

અમદાવાદ,તા. ૧૯

ગુજરાત સરકાર એક તરફ પાદર્શી વહીવટનો દાવો કરે છે પરંતુ સરકારના જ જુદા જુદા વિભાગોએ સરકારી ભરતીમાં માનીતાઓને ગોઠવવા અથવા ભરતીમાં ગોઠવણ કરવા માટે ગૌણ સેવા પસંદગી મંડળ પાસેથી છેલ્લા પાંચ વર્ષમાં ૩૭૦૮૫ જગ્યાઓ આંચકીને સીધી ભરતીની સત્તા પોતાના હસ્તક લઈ લેવાનો નવતર કીમિયો અપનાવ્યો છે. ભરતી પ્રક્રિયામાંથી ગૌણ સેવા પસંદગી મંડળની બાદબાકી કરવા માટે વહીવટી કારણોનું બહાનું આગળ ધરીને વખતોવખત સામાન્ય વહીવટ વિભાગ પાસે સત્તાવાર પરિપત્ર પણ કરાવવામાં આવ્યો છે. વિધાનસભામાં સામાન્ય વહીવટ વિભાગે કોંગ્રેસના ધારાસભ્ય ડો. તેજશ્રીબેન પટેલ દ્વારા પૂછાયેલા એક સવાલના જવાબમાં ૨૦૦૯થી ૨૦૧ ૩ના પાંચ વર્ષના ગાળામાં ગૃહ, વન અને પર્યાવરણ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, શ્રમ અને રોજગાર, નાણાં, સામાન્ય વહીવટ, સામાજિક ન્યાય અને અધિકારીતા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર, કૃષિ અને સહકાર, માહિતી અને પ્રસારણ, મહેસુલ અને શિક્ષણ સહિત ૧૪ વિભાગની કુલ ૩૭૦૮૫ જગ્યાઓ ગૌણ સેવા પસંદગીના ક્ષેત્રાધિકારની બહાર કાઢવામાં આવી હોવાનું જણાવાયું છે. ગૌણ સેવા પસંદગી મંડળ પાસેથી આ જગ્યાઓ લેવા પાછળ સરકાર રાબેતા મુજબ વહીવટી કારણોને જવાબદાર ગણાવ્યા છે. વિભાગોએ ચાલાકીપૂર્વક ભરતીમાં માનીતાઓ અને ચોક્કસ પસંદગીના લોકોની ભરતી કરવા માટે આ નીતિ અપનાવી છે. ગૌણ સેવા પસંદગી મંડળ પાસેથી આ જગ્યાઓ લઈને જે તે વિભાગ પોતાનું આંતરિક ભરતી બોર્ડ દ્વારા ભરતી પ્રક્રિયા કરે તો માનીતાઓની ભરતી આડેની મુશ્કેલીઓ નિવારવા માટે જ આ રસ્તો અપનાવવામાં આવ્યો છે. મધ્યપ્રદેશની ભાજપ સરકારના વ્યાપક ભરતી કૌભાંડની જેમ જ ગુજરાતની ભાજપ સરકાર ભરતી કૌભાંડ કરવા માટે અલગ અલગ પ્રકારના ફતવાઓ બહાર પાડીને ગુજરાતના લાખો શિક્ષિત યુવાન-યુવતીઓનો હક્ક અધિકાર પર તરાપ મારી રહી છે તેવો આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગત વર્ષે રાજ્યમાં ૧૫૦૦ તલાટીઓની ભરતી લાખો રૂપિયા લેવાનું કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું. આ ભરતી પંચાયત વિભાગ દ્વારા કરવામાં આવી હતી. આ કૌભાંડમાં સરકારના જ એક પ્રધાનના પીએની સંડોવણી બહાર આવી હતી. જો કે, કૌભાંડનો રેલો મૂળ આરોપીઓ સુધી પહોંચે તે પહેલા સરકારે ભરતી રદ કરીને સમગ્ર પ્રકરણમાં ભીનું સંકેલી લેવાનો પ્રયાસ કર્યો હતો. વિભાગ દર્વારા ભરતી કરવામાં આવે ત્યારે કેવી ગોલમાલ ચાલે છે તેનો આ ઉત્તમ નમૂનો છે તેવું ખુદ ભાજપ સરકારને સ્વીકારવાની ફરજ પડી છે.

ગાંભોઈની જિનીંગ મીલમાંથી કપાસ ખરીદીમાં છેતરપીંડી : બે વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૬

હિંમતનગર તાલુકાના ગાંભોઈ ખાતે આવેલ એક જિનીંગ મીલમાંથી મહેસાણાના વેપારીએ દલાલ મારફ્તે કપાસની ગાંસડીઓ ખરીદયા બાદ તે ખરાબ હોવાના બહાને પરત મોકલી આપ્યો હતો. જોકે તેમાંથી ટ્રક ચાલક અને વેપારીની મીલીભગતથી વજન ઓછુ નીકળ્યુ હતું. જેથી વેપારી અને ટ્રક ચાલક વિરૂધ્ધ શનિવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી. ગાંભોઈમાં આવેલ ઓમ કોટન જીનના ડિરેકટર અતુલભાઈ નારણભાઈ પટેલે ગત તા.૨૩ એપ્રિલના રોજ કપાસની ગાંસડીઓ વેચવા માટે દલાલ હિતેષભાઈનો સંપર્ક કર્યો હતો.

રાજપીપળા કૃષિ મેળામાં કૃષિ પશુપાલન ઉપર મુખ્યમંત્રીએ મહત્વપૂર્ણ રજૂઆત કરી હતી. સાથે સાથે ગાયની પૂજા કરી હતી.

ચોરીવાડની સીમમાંથી ત્રણ પશુ ચોરાયા

હિંમતનગર, તા. ૨૬

ઈડર તાલુકાના ચોરીવાડ ગામની સીમમાંથી શુક્રવારે રાત્રે અજાણ્યા શખ્સોએ રૂ.૪૫ હજારના ત્રણ પશુઓની ચોરી કરી લઈ જતા તે અંગેની ફરિયાદ શનિવારે ઈડર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે ચોરીવાડના વિનોદભાઈ શામળભાઈ ચાવડાના તબેલામાંથી રૂ.૨૫ હજારની કિંમતના બે પશુ તથા બાબુભાઈ ભીખાભાઈ ચાવડાના કૂવા પરથી રૂ.૨૦ હજારની ભેંસની અજાણ્યા શખ્સો શુક્રવારે રાત્રે આવીને ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે શનિવારે ખબર પડતા વિનોદભાઈ ચાવડાએ ઈડર પોલીસ સ્ટેશનમાં પશુ ચોરાયાની ફરિયાદ નોંધાવી હતી.

મહિયલના બંધ મકાનમાંથી ૮૯૦૦ની ચોરી થતા ફરિયાદ

હિંમતનગર, તા. ૨૬

તલોદ તાલુકાના મહિયલ ગામે આવેલ એક બંધ મકાનમાંથી ચારેક દિવસ અગાઉ અજાણ્યા શખ્સોએ આવી ઘરમાં પ્રવેશ કરી અંદાજે રૂ.૮૯૦૦ની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગેની ફરિયાદ શનિવારે તલોદ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. આ અંગેની વિગત એવી છે કે મહિયલમાં આવેલ જયનગર સોસાયટીમાં રહેતા કશ્યપ હિતેન્દ્રભાઈ ઉપાધ્યાયના કાકાના બંધ મકાનમાં ગત તા.૨૦ એપ્રિલની રાત્રે અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી તિજોરી તોડી તેમાંથી રૂ.૮૯૦૦ના સોનાના દાગીનાની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે કશ્યપભાઈ ઉપાધ્યાયએ શનિવારે તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ગાંધીનગરમાં 'ધરતીકંપ' ટૉક ઓફ ધ ટાઉન બન્યો

નાગરિકો ૨૦૦૧ના ભૂકંપને યાદ કરી ચર્ચાઓ કરતા દેખાયા : ટીવી પર આખો દિવસ ધરતીકંપની વિનાશકતાના દશ્યો વધુ જોવાયા : રાહતકાર્ય માટે સેવા-ફાળાની લોકોએ તૈયારીઓ દર્શાવી : આઈપીએલ અને ગજેન્દ્રસિંહનો મુદ્દો ભુલાયો : વ્હોટસએપ પર પણ ભૂકંપ છવાયો

ગાંધીનગર, તા. ૨૬

ધરતીકંપની ભયાનકતા ગુજરાતના લોકોને ખૂબ સારી રીતે યાદ છે. આજ કારણે ગઈકાલે નેપાળમાં આવેલા ભિષણ ભૂકંપ જેની અસર છેક ગાંધીનગર સુધી અનુભવાઈ હતી અને ભૂકંપના હળવા આંચકા અનુભવાયા હતા તેની ચર્ચામાં આખો દિવસ આજે નગરજનો વ્યસ્ત જણાયા હતા. શનિ-રવિ બે દિવસ સરકારી કચેરીઓમાં રજાઓ હોવાથી પોત પોતાની સોસાયટીઓ, પોળો, પાનના ગલ્લે અને મિત્ર મંડળમાં મળવા એકઠા થયેલા લોકોમાં આજે ધરતીકંપનો મુદ્દો જ 'ટોક ઓફ ધ ટાઉન' બની રહ્યો હતો.

સવારથી જ લોકોએ ટીવી પર ભૂકંપના સમાચાર જોવાનું ચાલુ કરી દીધુ હતુ. એફએમ રેડિયોની ચેનલો પર પણ ધરતીકંપ અંગે વિવિધ અપડેટ્સ આપવામાં આવતા હતા. જેના કારણે લોકોને ધરતીકંપથી થયેલ તારાજી અંગે સમાચાર મળી રહેતા હતા. નગરમાં આજે જ્યાં જુઓ ત્યાં લોકો ધરતીકંપ અંગે ચર્ચાઓ કરતા જોવા મળી રહ્યાં હતા. પાનના ગલ્લે, ચાની કિટલીઓ કે સોસાયટીના નાકે મિત્રો સાથે ભેગા થયેલા લોકોમાં ભૂકંપ જ એક માત્ર ચર્ચાનો મુદ્દો બની રહ્યો હતો. તેમાં પણ લોકો ૨૦૦૧માં કચ્છમાં આવેલ વિનાશક ભૂકંપને યાદ કરીને વિવિધ ચર્ચાઓ કરતા હતા. તેમજ ભય વ્યક્ત કરતા હતા. ઊંચા મકાનો, હાઈરાઈઝ કોમ્પલેક્ષ અને બહુમાળીય ફલેટ્સ અંગે પણ લોકો વિવિધ પ્રશ્નો ઉભા કરી રહ્યા હતા.

ઘણા લોકો જેમ ગુજરાતના ભૂકંપ વખતે રાહત કાર્યો, શિબિરો યોજાઈ હતી તેમ નેપાળ માટે પણ રાહત સેવા કાર્યો કરવાની અથવા કોઈ પ્રારંભ કરે તો મદદ કરવાની તૈયારીઓ પણ દર્શાવી રહ્યા છે. વ્હોટસએપ વગેરે પણ આજે ભૂકંપ અંગેની વિવિધ પોષ્ટ સૌથી વધુ છવાઈ હતી. જેમાં ભૂકંપની વિનાશકતાના ફોટો, મકાનો ધરાશાયી થતા વીડીયો અને સાથે અવનવા મજાકીયા ચબરાકીયા પણ દિવસ દરમ્યાન સતત ફરતા રહ્યા હતા. ભૂકંપની ચર્ચામાં વ્યસ્ત લોકો ગજેન્દ્રસિંહની આત્મહત્યા કે આઈપીએલની મેચો વિશે વાત કરવાનું પણ ભુલી ગયા હતા.

દેરોલ ખાતે પાકમાં ભેલાણ કરતા ચાર વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૬

હિંમતનગર તાલુકાના દેરોલ ગામની સીમમાં રવિવારે ચાર શખ્સોએ ભેગા મળી એક ખેતરમાં જઈ પાકમાં ભેલાણ કરી નુકશાન પહોંચાડી ખેતર માલિકને જાતિ વિરૂધ્ધ અપમાનિત કરી ગાળો બોલી હતી. જેથી ખેતર માલિકે ચાર જણા વિરૂધ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે પી.એસ.ઓ. કનૈયાલાલના જણાવ્યા અનુસાર હિંમતનગરમાં રહેતા શામળદાસ લલ્લુભાઈ ગાયકવાડની ખેતીલાયક જમીન દેરોલની સીમમાં આવેલી છે. દરમિયાન રવિવારે દેરોલ ગામના જ ધુળાભાઈ બબાભાઈ પટેલ, રમણભાઈ બબાભાઈ પટેલ, પ્રવિણભાઈ બબાભાઈ પટેલ અને કાન્તીભાઈ બબાભાઈ પટેલે ભેગા મળી અગમ્ય કારણોસર શામળદાસની જમીનમાં વાવેતર કરેલ પાકને ઉખાડી ફેંકી દઈ ટ્રેકટરથી ખેતર ખેડી નાખી નુકશાન પહોંચાડયુ હતું અને શામળદાસને જાતિ વિરૂધ્ધ અપમાનિત કરી ગાળો બોલી હતી અને ખેતરમાં ફરીથી નહિ આવવા માટે ધમકી આપી હતી. જે અંગે શામળદાસે ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ચારેય જણા વિરૂધ્ધ એટ્રોસીટી એકટ અંતર્ગત ફરિયાદ નોંધાવી હતી. જે અંગે પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

ભૂકંપ પર ભૂકંપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટકા મકાન કાટમાળમાં ફેરવાઈ ગયા છે. ભક્તપુર, લલિતપુર, ધદિંગેમાં સૌથી વધારે લોકોના મોત થયા છે. પાટનગર કાઠમાન્ડુ પણ કાટમાળમાં ફેરવાઈ ગયુ છે. કાઠમાન્ડુ ખીણની મોટા ભાગની ઈમારતો કાટમાળમાં ફેરવાઈ ચુકી છે.જેમાં સેંકડો લોકોના મોત થાય છે. ૨૦૦ વર્ષ જુના ધરહરા મીનારમાંથી ૨૦૦થી વધારે મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા. સેના, પોલીસ અને ઈમરજન્સી સેવાના કર્મચારીઓ કાટમાળમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા અને તેમને હોસ્પિટલમાં પહોંચાડી દેવામાં લાગેલા છે. ગઈકાલે પ્રથમ આંચકો પ્રથમ ૭.૮ની તીવ્રતાનો અનુભવયા બાદ પણ એક પછી એક ઉંચી તીવ્રતાના આફ્ટરશોક્સનો દોર જારી રહ્યો હતો જેના પરિણામ સ્વરુપે નેપાળમાં ભારે તબાહી થઈ હતી. સેંકડો ઈમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી. બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવ્યા બાદ ઘાયલ થયેલા લોકોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. નેપાળના ઈતિહાસમાં આ ભૂકંપને સૌથી વિનાશકારી ભૂકંપ તરીકે ગણવામાં આવે છે. નેપાળમાં દૂરસંચાર અને વિજળી સેવા સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ હતી.જેને હવે સામાન્ય બનાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે. જો કે હજુ સમય લાગી શકે છે. ભૂકંપના કારણે મોટી ઈમારતો અને ધાર્મિક સ્થળો ધરાશાયી થઈ ગયા હતા. સાથે માર્ગોમાં પણ મોટી તિરાડો પડી ગઈ હતી . નેપાળમાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. બેથી ત્રણ મિનિટ સુધી પ્રચંડ આંચકો લોકોએ અનુભવ્યો હતો. ભૂકંપના એક પછી એક આંચકાના કારણે લોકો ઘરની બહાર જ રહ્યા હતા. ગઈકાલે સવારે ૧૧.૪૧ વાગે અને ૧૨-૧૯ વાગે એમ બે વખત આંચકા પ્રચંડ તીવ્રતા સાથે સૌથી પહેલા નોંધાયા હતા. જેના કારણે નેપાળમાં ભારે તબાહી થઈ છે. મિનિટોના ગાળામાં જ હજારો ઈમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી. આજે સતત બીજા દિવસે ચારેબાજુ દહેશત દેખાઈ હતી. તમામ રાજકીય પક્ષો પણ બચાવ અને રાહત કામગીરીમાં જોડાયેલા છે. નેપાળને તમામ પ્રકારની મદદ કરવાની શરૂઆત પણ કરવામાં આવી હતી.

શબ્દાવલી - ૫૭૧૩

૧	૨	૩	૪	■	૫	૬	૭
૮				■	૯		
	■	■	૧૦	૧૧		■	
૧૨	૧૩		■		■	૧૪	
૧૫		■	૧૬	■	૧૭	■	
■	૧૮	૧૯		■		■	■
૨૦				■	૨૧	૨૨	
	■		■	૨૩			■

આડી ચાવી

૧. જુનાગઢનો ઉંચો પર્વત(૪)
૫. પોલીસના વડા અધિકારી(૩)
૮. ચોકીદાર, પગી (૪)
૯. અનાર, એક ફળ (૩)
૧૦. ઉન, વુલ (૩)
૧૨. ઘર જેવો સંબંધો (૩)
૧૪. માયા, કૃપા (૨)
૧૫. રજોટી (૨)
૧૮. પોટલું (૩)
૨૦. સફળ (૪)
૨૧. વિશાળ, મોટુ (૩)
૨૩. સમજદાર સ્ત્રી (૩)

ઊભી ચાવી

૧. ખ્રિસ્તી દેવળ, ચર્ચ (૫)
૨. ભુલેચુકે (૨)
૩. ન્હાવા (૨)
૪. કમાવું, કામવું (૩)
૫. ચોગાન (૩)
૬. સજ્જડ, ચેતન વગરનું(૨)
૭. ગમ્મતીયાળ (૫)
૧૧. વિસ્તાર (૨)
૧૩. નોકરી-ધંધો (૪)
૧૬. ભાંગેલુ, ખાંડુ (૨)
૧૭. ગભરાયેલું, ... થઈ જવું(૪)
૧૯. ભઠ્ઠી, ચુલ (૩)
૨૦. કર્ણ, સાંભળવાની ઈન્દ્રિય (૨)
૨૨. રાણી, ક્વિન (૨)

શબ્દાવલી ૫૭૧૨ના જવાબ

આડી ચાવી :- (૧) પોલાદ (૪) લપસણી (૬) સાજસણગાર (૭) તાવ (૧૦) સરળ (૧૧) સરભરા (૧૨) જીત (૧૩) લુચુ (૧૪) હની (૧૬) વગ (૧૭) નર (૧૮) નીયત (૧૯) યમ (૨૦) ખત

ઊભી ચાવી :- (૧) પોસાક (૨) લાજ (૩) દશક (૪) લગાતાર (૫) પરવળ (૮) રમતગમત (૯) પરચુરણ (૧૦) સરાહનીય (૧૧) સલુન (૧૨) જીવ (૧૫) નીયમ

વિશેષ વ્યવસ્થા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યો છે. જેનો ફોન નં. ૦૧૧ ૪૬૨૭૮૭૦૦ તથા ૪૬૨૭૩૨૦૦ એક્ષટેન્શન ૯ છે.

નેપાળથી પરત ફરતાં ગુજરાતી પ્રવાસીઓ માટે ગુજરાત ભવન તથા ગુજરાતી સમાજ ખાતે રહેઠાણ માટેની જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી છે. તેમજ જરૂરિયાતવાળા પ્રવાસીઓ માટે તબીબી સહાય પણ પૂરી પાડવામાં આવી રહી છે. મોટાભાગના પ્રવાસીઓ એરપોર્ટથી સીધા ગુજરાત જવાનું વધુ પસંદ કરે છે તેમ રાહત કમિશનર શ્રી ડી. એન. પાંડેએ જણાવ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા રાહત કમિશનરની કચેરી, ગાંધીનગર ખાતે પણ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે, ફોન નં. ૦૭૯ ૨૩૨૫૧૯૦૭, ૨૩૨૫૧૯૦૨, ૨૩૨૫૧૯૦૮ તથા ૨૩૨૫૧૯૧૪ છે.

એરપોર્ટ પર ફસાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ફ્લાઈટ આવે અથવા અન્ય કોઈ વ્યવસ્થા થાય તે પછી જ તેઓ પરત ગુજરાત આવવામાં સફળ થશે. વળી હાલમાં એરપોર્ટ પર ઘણા બધા પ્રવાસીઓ ફસાયા હોવાથી પાણી અને ખોરાકની પણ ભારે અછત સર્જાઈ છે. તેઓ નેપાળ સ્થિત ભારતીય દૂતાવાસનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. અહીં તેમના સગાસંબંધીઓ અને મિત્રો પણ શક્ય તેટલી મદદ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લાના અન્ય પ્રવાસીઓ અંગે રાહત નિયામકશ્રી બિપીનભાઈ ભટ્ટે આપેલી માહિતી પ્રમાણે ગાંધીનગર જિલ્લાના ૩૭ જેટલા પ્રવાસીઓ જેઓ ટ્રાવેલ્સ મારફતે નેપાળ ગયા હતા તેઓ સહીસલામત છે. અને આજે ગોરખપુરના માર્ગે પરત ગુજરાત આવવા નીકળી ગયા છે.

ભૂકંપ પિડીતો માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સામગ્રી તૈયાર કરી. આ બધી જ રાહત સામગ્રી દિલ્હી સ્થિત ગુજરાત ભવનમાં નિવાસી આયુક્તને ટ્રક-એર મારફતે પહોંચાડવાનો ત્વરિત પ્રબંધ કરવો જોઈએ.

તેમણે આવા ફૂડ પેકેટ્સ નેપાળ પહોંચાડવાનું સંપૂર્ણ સંકલન દિલ્હીથી નિવાસી આયુક્ત ભારત સરકારની સૂચના-માર્ગદર્શન મુજબ કરશે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા સૂચનાઓ આપી હતી.

આ ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકમાં નેપાળ સહિત ભારતના જે રાજ્યો બિહાર, યુ.પી.માં પણ ધરતીકંપની અસરો છે ત્યાં પણ મદદ માટે ગુજરાત સજ્જ હોવા વિશે વિચાર-વિમર્શ થયો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતે કચ્છના તીવ્ર ભૂકંપની આપદાનું તે સમયે જે પ્રબંધન કરેલું તેના અનુભવોને આધારે આવનારા દિવસોમાં નેપાળમાં તબીબી સહાય ટૂકડીઓ નુકશાનગ્રસ્ત અને ધ્વસ્ત મકાનોના સર્વે-તલસ્પર્શી જાણકારી માટે સ્ટ્રક્ચરલ ઈજનેર ટીમ પણ ગુજરાતમાં તૈનાત રહેશે.

હાલ, અમદાવાદ મહાનગરપાલિકાના ફાયર અને આપત્તિ વ્યવસ્થાપન તંત્રની ૬ ટીમ ત્વરિત બચાવ-રાહત કામગીરી માટે સજ્જ છે તે પણ કેન્દ્ર સરકારના ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની સૂચના-જરૂરિયાત મુજબ રાહત કામગીરીમાં જોડાશે.

મુખ્યમંત્રીશ્રીએ ભૂકંપપીડિતોને સહાયતા માટે મહત્તમ ફૂડ પેકેટ્સ તથા પીવાના પાણીની વ્યવસ્થા ગુજરાત દ્વારા થાય તે માટે નાગરિક કર્તવ્ય ધર્મ અદા કરી આપદ ધર્મ સૌ કોઈ નિભાવે તેવો આ બેઠકમાં અનુરોધ કર્યો હતો. નેપાળના પ્રવાસે ગયેલા ગુજરાતના યાત્રિકો - પ્રવાસીઓની સલામતી અને તેમણે ગુજરાત પરત લાવવા અંગેની કામગીરીની પણ મુખ્યમંત્રીશ્રીએ તલસ્પર્શી સમીક્ષા કરી હતી.

આ બેઠકમાં મુખ્ય સચિવ શ્રી પાંડિયન, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, રાહત કમિશનર શ્રી પાંડે, જી.એસ.ડી.એમ.ના સી.ઈ.ઓ. શ્રીમતી અંજુ શર્મા અને મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ સુશ્રી એસ. અપર્ણા તથા સચિવશ્રી અજય ભાદૂએ ઉપસ્થિત રહી યોગ્ય જાણકારી મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

ગોડાઉન બનતા નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહાત્મા મંદિરના ડ્રીમ પ્રોજેકટ માટે આ વિસ્તારમાં વિવિધ નિગમોના ગોડાઉનો અગાઉ તોડી નાંખવામાં આવ્યા હતા. મહાત્મા મંદિરના નિર્માણ વેળાએ વર્ષો જૂના આ ગોડાઉન તોડી જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી. બીજનિગમ અને પુરવઠા નિગમના ગોડાઉન દુર કરી પ્રોજેકટનુ કામ આગળ ધપાવવામાં આવ્યુ હતુ. આ નિગમોના ગોડાઉન બનાવવા માટે સરકાર દ્વારા ચરડી વિસ્તારમાં જમીન ફાળવવામાં આવી હતી. પરંતુ હજુ સુધી જમીન ફાળવણીનો હેતુ ફળીભૂત થયો નથી. લાંબા સમયના અંતે પણ આખો મામલો ફાઈલમાં જ કેદ છે. માર્ગ મકાન વિભાગ અને નિગમો વચ્ચે મામલો ગુંચવાયેલો છે.ગોડાઉનો બનાવવા જમીનો કબજો આપવામાં આવતો નથી. જેના પરિણામે જમીનની ઉપલબ્ધિના અંતે પણ કામ આગળ વધી શકયુ નથી.એકબાજુ સરકાર દ્વારા ખેડુતોને પ્રાત્સાહન આપવા કૃષિમહોત્સવ યોજવામાં આવે છે. પુરતા પ્રમાણમાં બિયારણ ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. પરંતુ નિગમોના ગોડાઉન માટે જગ્યા ફાળવવામાં આવ્યા બાદ પણ નિરસતા સેવવામાં આવી રહી છે. નિગમોના ગોડાઉન બનાવવા ચરડી વિસ્તારમાં ૧૫ હજાર ચો. મી જગ્યા ફાળવવામાં આવી છે. આ ઠેકાણે ઝડપભેર કામ હાથ ધરવામાં આવે તેની અનિવાર્યતા છે.

ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સીએમઓમાં પ્રથમ મહિલા IAS...

ગુજરાતના ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલની ઓફિસમાં એસ.અપર્ણા એક એવા અધિકારી બન્યા છે કે જેઓ એવા પ્રથમ મહિલા આઈએએસ ઓફિસર છે કે જેમણે સીએમઓમાં પોસ્ટીંગ મળ્યું છે. ૧૯૮૮ બેચના આ અધિકારી એમએસસી, એનર્જી અને એનવાયર્નમેન્ટમાં એમ.ફિલ તેમજ ઈન્ટરનેશનલ ફાયનાન્સમાં એમબીએ થયેલા છે. તેમનો કાર્યકાળ હજી ઘણો લાંબો છે. સુરતમાં તેઓ મ્યુનિસિપલ કમિશનર હતા ત્યારે બિલ્ડરો અને રાજકીય નેતાઓને તેમના કડક વલણનો પરચો મળ્યો હતો. તેમની બદલી કરાવવાના ઘણાં પ્રયાસો એ સમયે થયા હતા. કહેવાય છે કે છેવટે તેમણે કંટાળીને સરકારને તેમની બદલી કરવા ભલામણ કરી હતી...

જેની સરકાર એની ભક્તિ, પરંપરા છે ...

ગુજરાતમાં જે પાર્ટીની સરકાર હોય તે પાર્ટીની ભક્તિ કરવા સૌ કોઈ લાગી જાય છે. સરકારી ઓફિસરો અને કર્મચારીઓને રાજકીય પાર્ટી સાથે કોઈ લેવાદેવા હોતી નથી છતાં પાર્ટી માટે કામ કરવું પડે છે. જો કામ ના કરે તો તેના સીઆર ખરાબ થાય છે. ચાલુ નોકરીએ ટેન્શન વધે છે અને પછી તે ઓફિસરને દવાના ડોઝ લેવા પડે છે. કોંગ્રેસની સરકાર વખતે ઓફિસરો પાર્ટીમય બની ચૂક્યા હતા અને હવે છેલ્લા ૧૪ વર્ષથી મોદીમય અને ભાજપમય છે. જો કે એક બાબતનો ફર્ક છે કે ઓફિસરો અને કર્મચારીઓએ જેટલું કામ મોદી માટે કર્યું છે તેટલું આનંદીબેન માટે થતું નથી. એક સિનિયર ઓફિસરે કહ્યું હતું કે વર્ષોથી ચાલતી આવતી આ પરંપરામાં હવે તો હદ થાય છે. ઓફિસરો ભક્તિના સિમાડા વટાવી ચૂક્યા છે અને સરકારી નોકરીની મર્યાદા અને નિતીનિયમોને ભૂલી રહ્યાં છે...

ગૌરવ દિન તો રાજયનો જ હોય ને! ...

ગુજરાતના સ્થાપના દિન પહેલી મે ની ઉજવણી ૨૦૦૩ પછી રાજયના વિવિધ જિલ્લાના હોમટાઉનમાં થઈ છે. હંમેશા ગાંધીનગરમાં થતી ઉજવણીને મોદી રાજયભરમાં લઈ ગયા હતા. મોદીએ તેમની સરકારમાં આ પહેલો ચેન્જ કર્યો હતો. સ્થાપના દિન ઉપરાંત ૨૬મી જાન્યુઆરી તેમજ ૧૫મી ઓગષ્ટને પણ તેઓ ગાંધીનગર બહાર લઈ ગયા હતા. હાલના ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલ પણ રાજયના સ્થાપના દિનની મુખ્ય ઉજવણી તાપી જિલ્લામાં કરવાના છે, પરંતુ સાથે સાથે તેમણે સ્થાપના દિનની ઉજવણી રાજયના ૩૩ જિલ્લામાં કરવાનો આદેશ કર્યો છે. રાજયમાં આ પ્રથમ ઘટના છે. ઉલ્લેખનીય છે કે રાજયમાં ભાજપની સરકાર ગુજરાતના સ્થાપના દિનને પ્રતિવર્ષ ગૌરવ દિન તરીકે ઉજવે છે...

લોકોના દિલમાં ઉતરો તો રાજ મળે ...

ગુજરાતની જનતા કોંગ્રેસ પ્રત્યે આટલી નફરત કેમ કરે છે એવો પ્રૅ પાર્ટીના સિનિયર લિડરોને થાય છે પણ તેનો હલ મળતો નથી. છેલ્લા ૧૪ વર્ષથી નરેન્દ્ર મોદી અને આનંદીબેન પટેલની ભાજપ સરકારનું રાજ ચાલે છે. આટલા વર્ષોમાં તો ભગવાન રામચંન્દ્રજીનો વનવાસ પણ પૂર્ણ થયો હતો. શું કોંગ્રેસને લોકોની સહાનુભૂતિ મળે તેમાં જરાય રસ નથી. જે પાર્ટીની નિતીરિતી સામે બોલે છે તેમને કાઢી મૂકવામાં આવે છે, પરંતુ તેમના સૂચનો અને અભિપ્રાયો ઉપર જરા સરખી નજર કરવામાં આવે તો કોંગ્રેસના નેતાઓને ઉકેલ મળી જશે. કોંગ્રેસના નેતાઓને લોકોનો પ્રેમ અને વિશ્વાસ સંપાદન કરવાની આવશ્યકતા છે. રાજ નહીં મળે તો ચાલશે પરંતુ અસરકારક વિપક્ષની ભૂમિકા તો ભજવી શકે ને! ગુજરાત વિધાનસભાના ૧૮૨ સભ્યો પૈકી ભાજપના ૯૫ અને કોંગ્રેસના ૮૫ હોય તો હકીકતમાં સાડા છ કરોડની જનતાનું ભલું થઈ શકે...

હવે ખેતીમાં રૂપિયાના વાવેતર કરો ...

સરકારે વીજળીના વાવેતર બહું કર્યા, હવે ખેતીના વાવેતર કરવા પડશે. ઉદ્યોગો માટે આપવાની થતી હતી એટલી જમીન આપી દીધી. જેટલા પાવરપ્લાન્ટ ઉભા કરવાના થતા હતા તે કરી દીધા, હવે કઈ જમીનમાં શું વાવવાનું છે અને તેમાં સરકાર શું સહાય આપશે તે વિચારવાનો પ્રયાસ કરવો જોઈએ. ખેડૂતોના પાક નિષ્ફળ ન જાય તે માટે તેમજ એગ્રીકલ્ચરમાં મૂડીરોકાણ વધે તે હેતુથી વાયબ્રન્ટ એગ્રીકલ્ચર સમિટ ઉપર ભાર મૂકવો પડશે. એગ્રી વાયબ્રન્ટ એટલે માત્ર એગ્રીટેક એક્ઝિબિશન જ નહીં, ખેડૂતોના ખેતરમાં રૂપિયા રોકાવાના આમંત્રણ આપવા પડશે, જો તેમ થશે તો જ ખેડૂતોના આપઘાતના બનાવો ઓછા થશે. ગુજરાતમાં એગ્રી વાયબ્રન્ટ સમિટ શરૂ થઈ છે પરંતુ તે અસરકારક બની શકી નથી. ખેડૂત અને ઉદ્યોગપતિઓ સાથે મળી જાય તો રાજયનું કલ્યાણ થઈ જાય!...

કોંગ્રેસી નેતાઓ વિરોધપક્ષની ભૂમિકા ભૂલી રહ્યા છે...

મોદી શાસનમાં દેશની આર્થિક પરિસ્થિતિ સુધરી હોવાના દાવા કરવામાં આવે છે તો પછી રૂપિયા સામે ડોલરની કિંમત કેમ ઘટતી નથી. લોકસભાની ચૂંટણીમાં એવા આક્ષેપ થયા હતા કે આઝાદી પછી રૂપિયાની કિંમત ડોલર કરતાં વધારે હતી, અને યુપીએ શાસનમાં રૂપિયો ડોલર સામે ઘસાઈને ૬૩ થી ૬૫ થઈ ગયો છે. આજે શું સ્થિતિ છે. લગભગ એક વર્ષના શાસન દરમ્યાન રૂપિયા સામે ડોલરનો ભાવ યથાવત રહ્યો છે. ડોલર સામે રૂપિયો નબળો પડતો રહ્યો છે. દેશની ઈકોનોમી ભલે સુધરી હોવાના દાવા થતા રહે, ડોલર નીચો પડતો નથી. હવે કોંગ્રેસને આક્ષેપો કરવાની તક મળી છે ત્યારે નેતાઓ એક બીજાને પછાડવામાંથી ઉંચા આવતા નથી. કોંગ્રેસના રાષ્ટ્રીય તેમજ પ્રાદેશિક નેતાઓ અસરકારક વિરોધપક્ષની ભૂમિકા પણ ભૂલી રહ્યા છે.